**<u>વલસાડના મે. બીજા એડી. ચીફ જ્યુ. મેજી. સાહેબની કોર્ટમાં, મુ.વલસાડ</u>**

**ફોજદારી કેસ નંબર :-૩૨૪૯/૨૦૨૬**

**આંક:-૦૪**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી : અમીનેશ જયંતિભાઇ પટેલ**

**ગુન્હો : પ્રોહી. એક્ટ કલમ-૬૬(૧)બી મુજબ**

**- :: <u>હુકમ</u> ::-**

૧. હાલના આરોપી ઉપર ફરીયાદ તેમજ ચાર્જશીટમાં જણાવ્યા મુજબ ના ગુન્હાનો આક્ષેપ છે.

૨. હાલના ગુન્હાના કામે આરોપી પોતાના ઉપર મુકવામાં આવેલ ગુન્હાના તહોમતનો સ્વીકાર કરી લોક અદાલતમાં સ્વેચ્છાએ ગુન્હાની કબુલાત આપી અલગથી કબુલાત પુરશીસ રજુ રાખેલ છે. જેથી ગુન્હાની ગંભીરતા તેમજ સજાની જોગવાઈઓ ધ્યાને લેતાં, હાલના ગુન્હાના કામે આરોપી દ્વારા મુકવામાં આવેલ ગુન્હાની કબુલાત માન્ય રાખી લોક અદાલતમાં ગુન્હાની કબુલાત આપતા હોય ઓછો દંડ તેમજ સજા કરવાનું યોગ્ય, ઉચિત અને ન્યાયોચિત જણાઈ આવતુ હોય નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**-::: <u>આખરી હુકમ</u> :::-**

**આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૭૫ મુજબ તક્સીરવાન ઠરાવી પ્રોહી. એક્ટ કલમ-૬૬(૧)બી મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અન્વયે રૂ.૧૦૦/- નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન : ૦૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.**

હુકમ આજરોજ તા.૧૧ મી, માહે-જુલાઇ, સને-૨૦૨૬ ના રોજ યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ: ૧૧.૦૭.૨૦૨૬**

**વલસાડ.** **સ્પેશીયલ સીટીંગ મેજીસ્ટ્રેટ,વલસાડ**